# ચિઠ્ઠીમાં 'મમ્મી હું જાઉં છું' લખીને યુવાને ફાની દુનિયાને અલવીદા કરી !

## મેદરા નર્મદા કેનાલમાં ઝંપલાવી યુવાને કરેલો આપઘાત : ચિઠ્ઠી મળી આવી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક મેદરા નર્મદા કેનાલમાંથી બપોરના સુમારે એક યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસ ઘટનાસ્થળે આવી ગયા બાદ મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા તેના ખિસ્સામાંથી એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં 'મમ્મી હું જવું છું.' લખીને એક નામ સરનામુ લખેલુ હતુ. તેને આધારે ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસનો દોર શરૂ કર્યો છે.

આજે બપોરના સુમારે કેનાલ સિક્યુરીટી પેટ્રોલીંગમાં હતા ત્યારે મેદરા નર્મદા કેનાલમાંથી એક યુવાનનો તરતો મૃતદેહ દેખાઈ આવ્યો હતો. જેને આધારે પોલીસને જાણ કરીને બોલાવી લેવાના ડભોડા પોલીસમથકનાં શાહરભાઈ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. સિક્યુરીટી ગાર્ડે પ્રવિણ ઠાકોરે મૃતદેહ કેનાલમાંથી બહાર કાઢતા પોલીસે મૃતક યુવાનના ખિસ્સા ફંફોસ્યા હતા. જેમાંથી એક ચિઠ્ઠી પોલીસને મળી આવી હતી. 'મમ્મી હું જાઉ છુ...' લખીને આ ચિઠ્ઠીમાં નામ-સરનામુ લખેલુ હતુ. જેમાં હર્ષદ ડાહ્યાભા રાઠોડ, મેમકો, નરોડા રોડ અમદાવાદ લખેલુ હોવાથી ડભોડા પોલીસે તેનો મૃતદેહ હોવાનું માની તે સરનામે સંપર્ક કરી વાલીને બોલાવી ઓળખવિધિ માટે તજવીજ શરૂ કરી છે. પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા ચક્રો ગતિમાન કર્યા છે.

## જલારામ મંદિરમાં દર્શન આરતીનાં સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સેકટર-૨૯ ખાતે શ્રી જલારામ મંદિરમાં આગામી તા. ૧૯મી ઑકટોબરથી દર્શન તથા આરતીના સમયમાં ફેરફાર થશે.

દર્શનનો સમય સવારે ૬ થી ૧૨ સુધી, સવારની આરતી સવારે ૬ : ૩૦, શયન બપોરે ૧૨ કલાકે, સાંજના ૪ કલાક સુધી.

સાંજનો સમય સાંજે ૪ થી ૮ સંધ્યા આરતી, સાંજે સાડા છ વાગ્યા સુધી.

રામેશ્વર મહાદેવ (શિવમંદિર)માં આરતી ૬ : ૧૫ કલાકે સંધ્યા આરતી ૬ : ૧૫ કલાકે.

ગુરૂવાર અને શનિવાર સંકીર્તન ૬ : ૩૦થી ૮ : ૩૦ કલાક સુધી. પ્રતિ માસના બીજા તથા ચોથા શનિવારે, સુંદરકાંડના પાઠ સાંજે ૪ : ૩૦ કલાકથી ૬ વાગ્યા સુધીનો રહેશે.

# સે-૨/ડીમાં બિલ્ડરના બંગલામાં દાગીના મળી ૩ લાખની ઘરફોડ

## બારીની ગ્રીલ તોડીને ઘુસેલા તસ્કરોએ અંદરથી દરવાજો બંધ કરી માલમત્તા ચોરી



ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટર-૨-ડીમાં રહેતાં બિલ્ડરનાં બંગલામાં ગઈ કાલે મધરાત્રિએ તસ્કરોએ હાથ ફેરો કર્યો હતો. બંગલાના પાછળના દરવાજા પાસે બારીની ગ્રીલ તોડીને પ્રવેશેલા તસ્કરો તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા મળીને ત્રણ લાખથી વધુ કિંમતની મત્તાની ઘરફોડ ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. રાત્રે સાડા ત્રણ વાગ્યે પરિવારના એક સભ્યની આંખ ઉઘડતા રૂમનો સામાન અસ્તવ્યસ્ત જોઈ ઘરફોડ ચોરીનો અંદાજ આવી ગયો હતો. સે-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ડૉગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની મદદથી ગુનો ઉકેલવા તજવીજ શરુ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨-ડી, પ્લોટ નં. ૧૦૫૮માં રહેતા બિલ્ડર યોગેશભાઈ પટેલ ગઈ કાલે રાત્રે પરિવાર સાથે પોતાના બંગલે બીજા મજલે સુતા હતાં. તેમના પિતા જેઠાલાલ છગનભાઈ પટેલ બંગલાની બહારના ભાગે સુવે છે. દરરોજ તેઓ બહારથી બંગલાનો દરવાજો બંધ કરીને સુવે છે. આજે રાત્રે સાડા ત્રણ વાગ્યાના અરસામાં તેઓ જાગ્યા અને બંગલામાં જવાનો પ્રયત્ન કર્યો હતો બંગલાનો દરવાજો અંદરથી બંધ થયેલો હતો. અંદર સુતેલા દિકરાને ફોન કરીને દરવાજો ખોલવાનું કહ્યું. જેઠાલાલે દિકરાને પુછયું કે દરવાજો અંદરથી તે બંધ કર્યો હતો? પરંતુ દિકરાએ જવાબમાં તેણે બંધ ન કર્યો હોવાનું જણાવતા શંકા ગઈ હતી. અંદર જઈને જોયું તો પાછળના દરવાજાની બારીની ગ્રીલ તુટેલી હતી અને અંદરના રૂમમાં તિજોરી પાસે સર સામાન અસ્તવ્યસ્ત પડયો હતો.

રાત્રે ૧૦ થી ૩.૩૦ સમયગાળા દરમિયાન તેમના બંગલામાં તસ્કરો ત્રાટકયા હતા અને અંદર ઘુસીને રૂ. ૨૫ હજાર રોકડા, રૂ. ૨.૫૦ લાખના સોનાના દાગીના અને રૂ. ૨૫ હજારના ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૩ લાખની કિંમતનો મુદ્દામાલ ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતાં. આ બનાવ અંગે સે-૭ પોલીસને જાણ કરાતા સેકન્ડ પી.આઈ. પી.ટી. બોદર સ્ટાફના માણસો સાથે સ્થળ પર આવી પહોંચ્યા હતા અને જેઠાલાલ પટેલની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે. આ ઘરફોડ ચોરીની મોડર ઓપરેન્ડી જોઈને એક ચોકકસ ઘરફોડીયા શખ્સ પર પોલીસને શંકા જતા તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૯
સૂર્યાસ્ત : ૬.૧૩

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે. લઘુત્તમ : ૧૯.૪ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
ભૂત ૨ : ૧૦.૩૦, ૧૨.૩૦
: સ્ક્રીન-૨ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૭.૦૦
અઈય્યા : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૩.૩૦, ૧૦.૦૦
અઈય્યા : ૧૨.૩૦, ૬.૩૦
: સ્ક્રીન-૪ :
ચિત્તાગોંગ : ૧૨.૩૦, ૨.૩૦
મખ્ખી : ૧૦.૦૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ભૂત રિટર્ન્સ (૩ડી) : ૯.૧૫, ૧.૪૫, ૬.૧૫, ૧૦.૪૫
મખ્ખી : ૧૧.૪૫, ૩.૪૫, ૮.૧૫
: સ્ક્રીન-૨ :
ઓહ! માય ગોડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
અઈય્યા : ૯.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
બર્ફી : ૧૨.૪૫
: સ્ક્રીન-૪ :
ઈંગ્લીશ વિંગ્લિસ ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ભૂત- ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રૂદિયે વાલા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ભૂત રિટર્ન્સ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
ઓહ! માય ગોડ : ૧.૩૦, ૪.૩૦,
: સ્ક્રીન-૨ :
અઈય્યા : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૧.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
મખ્ખી : ૧.૪૫, ૪.૧૫

### ચિરાગ, કલોલ

ભૂત રીર્ટન : ૧૦.૪૫, ૩.૪૫, ૮.૩૦
મખ્ખી : ૧૨.૪૫, ૬.૦૦, ૧૦.૩૦

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

**મિથુન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

**કુંભ** : ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. કંકુબેન રાજાભાઈ પરમાર (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૫૭૪, ઈન્દિરાનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. એનવીએલ નરસિંહ મહંન (ઉ.વ. ૯૦) પ્લોટ નં.બી- ૨૪, ગ્રીનસીટી, જીઆઈડી લિ. હાઉસીંગ ઝોન, સે.-૨૬, ગાંધીનગર.
- સ્વ. આતાજી બબાજી ઠાકોર (ઉ.વ. ૮૦) મુ.પો. નારોલ, તા. કડી, જિ. મહેસાણા.
- સ્વ. બબીબેન મંગાજી મકવાણા (ઉ.વ. ૫૫) મુ.પો.હરીપુરા (બોરીયા), તા., જિ. ગાંધીનગર.

# ગુજરાત રાજ્ય યુનિ. અને કોલેજ અધ્યાપક મહામંડળની કામગીરી કોઈ રાજકીય પક્ષ પ્રેરિત નહીં હોવાની રજૂઆત

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કોલેજ અધ્યાપક મહામંડળના પ્રમુખ ડૉ. એમ.એન. રાવલ અને મહામંત્રી ડૉ. જે.એસ. પ્રજાપતિએ એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કોલેજ અધ્યાપક મહામંડળની કામગીરી કોઈ રાજકીય પક્ષ પ્રેરિત નથી પણ અધ્યાપકોના હીત અને પ્રશ્નો બાબતે કામ કરતુ મહામંડળ છે. મહામંડળમાં આ બાબતે કોઈ મનભેદ કે મતભેદ નથી. બધા જ ઘટકના પ્રમુખ સહિતના હોદેદારોને માત્ર અધ્યાપકોના પ્રશ્નોના સુખદ ઉકેલમાં જ રસ છે, નહીં કે ગપગોળા ફેલાવવામાં !

સરકાર અધ્યાપકોના બાકી રહેતા વાજબી પડતર પ્રશ્નોના વાજબી સુખદ ઉકેલ નહીં લાવે તો સરદાર, ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે અને મહામંડળના તથા દરેક ઘટકના હોદ્દેદારો અધ્યાપક વિરોધી સરકારને જાકારો આપવા પ્રવાસ કરનાર છે અને જે તે સ્થળ પર જઈને સરકાર તરફથી અધ્યાપકોના પડતર પ્રશ્નો બાબતે કેવી રીતે સરકાર દ્વારા છેતરપીંડી કરવામાં આવી તેનો વિગતે ચિતાર આપશે અને 'અધ્યાપક'નો અંક ટૂંક સમયમાં રવાના કરવામાં આવશે.

૨૦ ટકા એરિયર્સની રકમ રોકડમાં આપવાના બદલે પી.એફ.માં જમા કરવાથી અધ્યાપકોને ભારે આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે. કારણ કે પી.એફ.માં રકમ જમા થતાં તેના પર ભરવાના થતા ઈન્કમટેક્ષ અંગે પોતાના થતા પગારમાંથી ભરવાની વ્યવસ્થા કરવી પડશે. જેને કારણે તેના મકાન અંગે, શિક્ષણ અંગે લીધેલી લોનના હપ્તા ભરવામાં મુશ્કેલી પડશે. આમ સરકારે સમજૂતિ મુજબ ૨૦ ટકા એરિયર્સની રકમ રોકડમાં આપવી જોઈએ તેવી અધ્યાપકોની માગણી છે.



રાજ્યપાલશ્રી શ્રીમતી કમલાજીને રાજભવન ખાતે મહિલાઓએ આવેદનપત્ર આપ્યું હતું તે પ્રસંગની તસવીર

# મિશ્ર ઋતુના પરિણામે જુદા જુદા રોગ સપાટીએ આવ્યા

## તાપમાન કેટલાક શહેરોમાં ૧૦થી ૧૨ ડિગ્રીથી પણ નીચે જવાની સંભાવના : સવારે ફુલ ગુલાબી ઠંડીનો અહેસાસ

અમદાવાદ, તા.૧૬

રાજ્યભરમાં રાત્રિના સમયે ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર, થોડા દિવસોમાં ઠંડીનું જોર વધશે. બીજી તરફ છેલ્લા બે દિવસમાં રાજ્યનાં વિવિધ શહેરોના લઘુતમ તાપમાનમાં એકથી ચાર ડિ.સે. જેટલો ઘટાડો નોંધાયો છે. સતત થઈ રહેલા લઘુત્તમ તાપમાનમાં વધારાની સાથે સાથે દિવસે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.જેના કારણે એક જ દિવસમાં બે ઋતુનો અહેસાસ લોકો કરી રહ્યા છે. આવી મિશ્ર ઋતુને કારણે લોકો રોગના ભોગ બની રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર, આ વર્ષે શિયાળામાં કડકડતી ઠંડી પડશે. અમદાવાદ, નલિયા સહિત રાજ્યનાં કેટલાંક શહેરોનું લઘુતમ તાપમાન ૧૦થી ૧૨ ડિ.સે.થી પણ નીચે જવાની શક્યતા છે. હાલ રાજ્યનાં મોટાં ભાગનાં શહેરોના લઘુતમ તાપમાનનો પારો ધીમે ધીમે નીચે જઈ રહ્યો છે. છેલ્લા કેટલાદ દિવસોથી રાજ્યના મોટા ભાગના શહેરોમાં પરોઢે અને મોડી રાત્રે ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આગામી ૨૪ કલાકમાં આકાશ સાફ રહેશે તથા ભેજ વધવાથી રાત્રે ઠંડીનુ પ્રમાણ થોડું ઘણું વધશે.બીજી તરફ સતત તાપમાનમાં આવી રહેલા ઉતાર ચઢાવને કારણએ લોકો રોગના શિકાર બન્યા છે એમાય ખાસ કરી બાળકો. રાજ્યના મોટા ભાગના વિસ્તારમાં શરદી, ઉધરસ સહિત વાયરલ ઈન્ફેક્શનના રોગમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળી રહ્યો છે.

## પ્રાઈવેટ પ્લોટ વસાહત મંડળ સે-૧૩-બીના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેકટર-૧૩-બીના પ્રાઈવેટ પ્લોટ વસાહત મંડળની તાજેતરમાં બેઠક મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૨-૧૩ માટેના હોદ્દેદારોની તથા કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પ્રાઈવેટ પ્લોટ વસાહત મંડળના પ્રમખ તરીકે હિતેશભાઈ પાઠક, ઉપપ્રમુખ તરીકે જોઈતાભાઈ પ્રજાપતિ, ભરતભાઈ પટેલ, મંત્રી તરીકે દિનેશભાઈ પંચાલ, સહમંત્રી તરીકે નંદકિશોરભાઈ પટેલ અને ખજાનચી તરીકે દશરથભાઈ પ્રજાપતિની વરણી કરવામાં આવી છે. વસાહત મંડળના કારોબારી સભ્યોમાં વિષ્ણુભાઈ પટેલ, રેવાભાઈ પટેલ, જયેશભાઈ પંડયા, બાબુભાઈ પટેલ વગેરે ૩૬ સભ્યોની વરણી કરવામાં આવી છે.

## નવરાત્રી મહોત્સવ સમિતિ સે. ૩/સીના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સેક્ટર-૩-સીની તાજેતરમાં બેઠક મળી હતી. જેમાં નગરના અગ્રગણ્ય આગેવાન તથા ગાંધીનગર નાગરિક બેંકના ડિરેક્ટર વિક્રમભાઈ કે. પટેલની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં. ૧૦ના કોર્પોરેટર શંકરભાઈ ચૌધરીની મહામંત્રી તરીકે તથા ઉપ્રમુખ તરીકે વિઠ્ઠલભાઈ પરમાર, પ્રવીણભાઈ ચૌધરી, હીરાભાઈ મેસરિયા, સહમંત્રી તરીકે સુરેશભાઈ બૈડે, ચંદુલાલ વર્મા, વિનોદભાઈ નાયી, ખજાનચી તરીકે કાંતિભાઈ ભરવાડ, સહ ખજાનચી તરીકે કેશુભાઈ પરમાર, વ્યવસ્થાપક તરીકે મનુભાઈ પટેલ, બળવંતભાઈ દરજી અને ઓર્ગેનાઈઝર તરીકે મુકુંદભાઈ સુથારની વરણી કરવામાં આવી હતી. કારોબારી સભ્યો તરીકે એમ.સી. ઠાકોર, સાંકાભાઈ પટેલ, હરગોવિંદભાઈ રાઠોડ, રાવજીભાઈ ચૌધરી, ઈશ્વરભાઈ પટેલ, જીજ્ઞેશભાઈ ઠાકોર, શંકરલાલ મકવાણા, રમેશભાઈ દલવાડી, આત્મારામભાઈ પટેલ, લલિતભાઈ વેગડા, અમૃતભાઈ પટેલ, મોહનભાઈ પરમાર, ભાનુભાઈ ચૌહાણ અને સોમભાઈ પટેલની વરણી કરવામાં આવી છે.

# ચિલોડા મોટા સર્કલ પાસે ગુજરાત પરિવર્તન યાત્રાનું ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત

ચિલોડા, તા. ૧૬

ગુજરાત રાજ્યમાં આગામી વિધાનસભાની ૨૦૧૨ની ચૂંટણીનાં ચક્રવ્યૂહનો માહોલ ધીમે ધીમે વધી રહ્યો છે. દરેક રાજકીય પક્ષો દ્વારા કાર્યકરોમાં ચૂંટણી સંદર્ભે રાજકીય મતમતાંતરોનો દોર આરંભાઈ ચૂક્યો છે. જેમાં ચિલોડા ખાતે કોંગ્રેસ, ભાજપ તથા ગુજરાત પરિવર્તન મુખ્યત્વે રાજકીય શતરંજ ખેલવા વિવિધ રીતે પ્રજાકીય અભિપ્રાયો મેળવવા ભારે મથામણ કરી રહ્યા છે. જેમાં ચિલોડા સર્કલ પાસે ગુજરાત પરિવર્તનની યાત્રા ગામડે ગામડે ઘુમી મોડી રાત્રે આવી પહોંચી હતી. જેમાં પૂર્વ મુખ્યમંત્રીઓ ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુબાપા તથા અગ્રણી કાર્યકરો આવતાં ચિલોડા, આલમપુર, ડભોડા, વલાદ ગામના અનેક રાજકીય કાર્યકરો, હોદ્દેદારો તથા ગ્રામજનો ઉપસ્થિત રહી કેશુબાપાનું ફૂલહાર તથા માથે સાફો પહેરાવી ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું. આ યાત્રાના સ્વાગત પ્રસંગે યુવા કાર્યકરોએ ઉમંગ અને ઉમળકાભેર રીતે પરિવર્તન પાર્ટીમાં જોડાવા જોમ અને જુસ્સો વ્યક્ત કરતાં અભિનંદનને પાત્ર બન્યા હતા. આ પ્રસંગે ચિલોડા ગ્રામ પંચાયતના સરપંચશ્રી તથા સદસ્યોએ સ્વાગત કર્યુ હતુ. જેમાં ચિલોડા ગ્રામના અગ્રણી યુવાન કાર્યકર જયંતિભાઈ જી. પટેલ તથા નટુભાઈ એસ. પટેલ પત્રકાર ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળતા અપાવવા જહેમત ઉઠાવી હતી.

## એ.એફ.એસ. ઈન્ડિયા ગાંધીનગર ચેપ્ટર દ્વારા નવરાત્રી ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

અમેરીકન ફિલ્ડ સર્વિસ ઈન્ડિયન ગાંધીનગર ચેપ્ટર દ્વારા તા. ૨૧મી ઓક્ટોબર-૨૦૧૨ના રોજ રાસ ગરબાનો કાર્યક્રમ સાંજે ૭ કલાકે યોજવામાં આવ્યો છે.

એ.એફ.એસ. નવરાત્રી રાસ ગરબાનો કાર્યક્રમ શ્રી વી.આર. શાહ સ્મૃતિ શિક્ષણ મંદિર, ધરણીધર દેરાસર, વાસણા ખાતે યોજાશે.

## ટાટા ચોકડી પાસેથી દારૂની બોટલ સાથે યુવાન ઝડપાયો

ગાંધીનગર શહેરમાં આવેલી ટાટા ચોકડી પાસેથી પેટ્રોલીંગમાં નીકળેલી સે. ૨૧ પોલીસે દારૂની બોટલ સાથે એક યુવાનને ઝડપી પાડ્યો છે. દારૂની એક બોટલ સાથે બાઈક લઈને બેઠેલો સે. ૨૭ની શિવશક્તી સોસાયટીમાં રહેતો દિપકસિંગ રાજપુત પોલીસની ઝપટમાં આવી જતાં બાઈક નં. જીજે-૧૮-એ-૧૧૪૩ કબ્જે લઈ પોલીસે યુવાનની દારૂની બોટલ સાથે ધરપકડ કરી રૂ. ૩૦,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફોર વ્હીલર માટે નવી જી.જે. ૧૮ બી.બી.ની સીરીઝ શરૂ થશે

## ૩૦ ઓક્ટોબરે પસંદગીનો નંબર મેળવવા હરાજી

ગાંધીનગર, તા. ૧૬

આર.ટી.ઓ. દ્વારા ફોર વ્હીલર માટે આગામી તા. ૩૦ ઓક્ટોબરથી નવી સીરીઝ શરૂ કરવામાં આવશે. હાલ કારના નંબરો માટે જી.જે-૧૮ બી.એ. સીરીઝ ચાલુ છે. જ્યારે હવે જીજે-૧૮ બી.બી.ની નવી સીરીઝ શરૂ થશે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોને તા. ૨૫ થી ૨૯ ઓક્ટોબર દરમિયાન આર.ટી.ઓ. કચેરીમાં અરજી કરવા જણાવાયું છે.

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતુ કે આર.ટી.ઓ. કચેરી દ્વારા તા. ૩૦ ઓક્ટોબરથી ફોર વ્હીલર માટે શરૂ થનારી નવી સીરીઝ માટે વાહનમાલિકોએ તા. ૨૫ થી ૨૯ ઓક્ટોબર દરમિયાન પસંદગીનો નંબર મેળવવા અરજી કરવાની રહેશે. વાહનની નોંધણી કરાવી પસંદગીના નંબર માટે અરજી રજૂ કરવી પડશે. તેમણે વધુમાં જણાવ્યા મુજબ પસંદગીના નંબર ફાળવવાની પદ્ધતિ અન્વયે સરકાર દ્વારા ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં વાહનમાલિકોએ તેમની અરજી સાથે નેશનલાઈઝ રાષ્ટ્રીયયુક્ત બેંકમાંથી જે રકમ ભરવા માગંતા હોય તેનો ડીમાન્ડ ડ્રાફ્ટ અરજી સાથે બંધ કવરમાં આપવો પડશે. એકથી વધારે ડીમાન્ડ ડ્રાફ્ટ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી. ડીમાન્ડ ડ્રાફ્ટ મારફતે સૌથી વધુ ફી ભરપાઈ કરી હોય તે વાહનમાલિકને પસંદગીનો નંબર ફાળવવામાં આવશે. જ્યારે કંપનીના નામે વાહનની નોંધણી થઈ હોય તેવા કીસ્સામાં સંબાંધિત કંપનીના પ્રતિનિધિઓએ લેખિત મંજૂરી સાથે હાજર રહેવુ પડશે. વાહનમાલિકોએ પણ પંસદગીનો નંબર મેળવવા હરાજીમાં હાજર રહેવુ પડશે. આર.ટી.ઓ. કચેરી ખાતે પસંદગીનો નંબર મેળવવા તા. ૩૦ ઓક્ટોબરના રોજ બપોરે ૧૨ કલાકે હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે.